# જામનગરના ટાઉનહોલ ખાતે શિક્ષણ મંત્રીના હસ્તે 'સેવા સેતુ' કાર્યક્રમનો શુભારંભ






જામનગર : જામનગર શહેરના શ્રી એમ.પી. શાહ ટાઉનહોલ ખાતે 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' ના ભાગરૂપે શહેર કક્ષાના 'સેવા સેતુ' કાર્યક્રમનો શુભારંભ શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજાના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંત્રીએ વિવિધ વિભાગોના સ્ટોલ્સની રૂબરૂ મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું તેમજ સ્થળ પર હાજર લાભાર્થીઓ સાથે સીધો સંવાદ સાધીને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો વધુમાં વધુ લાભ મેળવવા માટે અપીલ કરી હતી.

જામનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ સેવા સેતુ કાર્યક્રમમાં નાગરિકોની સરળતા માટે ૩૬ જેટલા અલગ-અલગ સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં હેલ્પ ડેસ્ક, રજીસ્ટ્રેશન, મેડીકલ ચેકઅપ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વરિષ્ઠ નાગરીક પ્રમાણપત્ર, વ્હાલી દીકરી યોજના, આવકના દાખલા, રેવન્યુ રેકોર્ડ, વારસાઈ અરજી, પાલક માતા-પિતા યોજના, દિવ્યાંગ બસ પાસ, રેશનકાર્ડમાં નામ સુધારા, પી.એમ. સૂર્યઘર યોજના, નવા વીજ જોડાણ, પ્રોપર્ટી ટેક્સને લગત કામગીરી, જન્મ-મરણ નોંધણી, લગ્ન નોંધણી, આયુષ્યમાન / પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, મમતા યોજના, વિધવા સહાય, વયવંદના / વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, પોસ્ટમાં નવું ખાતું ખોલવાની કામગીરી, શ્રમયોગી આઈડી કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ સહાય, નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, ફીડબેક, એસ.ટી. બસ પાસ, સીટી બસ પાસ, મફત કાનૂની સહાય અને સલાહ, ઉદ્યમ પ્રમાણપત્ર, તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્વચ્છતા હી સેવા જેવી તમામ મહત્વપૂર્ણ સેવાઓ એક જ સ્થળેથી પૂરી પાડવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેનભાઈ મોનાણી, મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડીયા, શાસક પક્ષના નેતા અમર મોદી, દંડક પ્રવિણાબેન રૂપડીયા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ અને બહોળી સંખ્યામાં શહેરના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકાના શિવરાજપુર ગામે ભાદરવી પૂનમના મલ્લ કુસ્તી મેળામાં દશેકો ઉમટ્યા




તસવીર : બુધાભા ભાટી

દ્વારકા : દેવભૂમિ દ્વારકાનાં શિવરાજપુર ગામે ભાદરવી પૂનમના પાવન પર્વે આજે પણ જીવંત છે સદીઓ જૂની મલ કુસ્તીની પરંપરા જોવા મળે છે.

હજરત જાકૂપીર દાદાની દરગાહ ખાતે યોજાતા આ અનોખા મલ કુસ્તી મેળાને ૪૦૦ વર્ષથી વધુ સમયથી પરંપરાગત રીતે યોજાતો હોવાનો આયોજકોનો દાવો છે.

હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રતીકસમા આ મેળામાં ઓખામંડળ, બારાડી અને બરડા પંથકમાંથી ૩૦૦થી વધુ કુસ્તીબાજો પહોંચે છે, જ્યારે હજારો લોકો કુસ્તીના રોમાંચક દાવપેચ નિહાળવા ઉમટી પડે છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામંડળ તાલુકાના શિવરાજપુર ગામે દર વર્ષે ભાદરવી પૂનમના પાવન દિવસે હજરત જાકૂપીર દાદાની દરગાહ ખાતે ભવ્ય મલ કુસ્તી મેળાનું આયોજન કરવામાં આવે છે.

હિન્દુ-મુસ્લિમ એકતાની ભાવનાને ઉજાગર કરતા આ મેળામાં વર્ષોથી પરંપરાગત રીતે કુસ્તીબાજો પોતાની કળા અને શારીરિક ક્ષમતાનું પ્રદર્શન કરે છે. આયોજકોના જણાવ્યા મુજબ, ઓખામંડળ એટલે કે દ્વારકા તાલુકો, બારાડી એટલે કે કલ્યાણપુર તાલુકો તેમજ બરડા પંથક એટલે કે પોરબંદર અને ભાણવડ વિસ્તાર સહિતના વિસ્તારોમાંથી કુસ્તીબાજો અહીં પહોંચે છે. આ વર્ષે પણ અંદાજે ૩૦૦થી વધુ કુસ્તીબાજો મલ કુસ્તીના મેદાનમાં ઉતરીને એકબીજા સામે વિવિધ દાવપેચ અજમાવે છે. કોઈ કુસ્તીબાજ ચપળતાથી હરીફને પછાડવાનો પ્રયાસ કરે છે, તો કોઈ પોતાની તાકાત અને ટેકનિકના આધારે હરીફ પર ભારે પડે છે.

મેદાનમાં જ્યારે બે કુસ્તીબાજો આમને-સામને ઉતરે છે ત્યારે આસપાસ હાજર લોકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળે છે. કુસ્તીના એક પછી એક રોમાંચક દાવપેચને નિહાળવા માટે આસપાસના ગામો તેમજ દૂર-દૂરના વિસ્તારોમાંથી હજારો લોકો શિવરાજપુર ખાતે ઉમટી પડે છે.

હજરત જાકૂપીર દાદાની દરગાહ ખાતે યોજાતા આ મલ કુસ્તી મેળાના આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ આજની યુવા પેઢીને પોતાની પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડવાનો હોવાનું આયોજકો જણાવે છે. મલ કુસ્તીના આ પરંપરાગત મેદાનમાં માત્ર દાવપેચની જ નહીં, પરંતુ તન-મનની તંદુરસ્તી, શિસ્ત, ભાઈચારો અને વર્ષો જૂની લોકપરંપરાની પણ ઝલક જોવા મળે છે. અને એટલે જ ભાદરવી પૂનમના દિવસે શિવરાજપુરમાં યોજાતો આ મલ કુસ્તી મેળો આજે પણ હજારો લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

## જામનગરની પારસ સોસાયટીમાં 'જેન ઝી' ગરબા મહોત્સવનું આયોજન

જામનગર : જામનગરમાં યુવા ખેલૈયાઓ માટે વિશેષ 'ર્ઈદ્ઘ ઢ' ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના ગીતા મંદિર સામે આવેલા પારસ સોસાયટી ગ્રાઉન્ડ ખાતે આશરે ૫૦ હજાર ચોરસ ફૂટના વિશાળ વાતાનુકૂલિત ડોમમાં નવરાત્રી મહોત્સવ યોજાશે.

આ ગરબા મહોત્સવમાં જાણીતા ગાયક તેજદાન ગઢવી તથા તેમની ટીમ લાઈવ ગરબા સાથે ખેલૈયાઓને રમઝટ બોલાવશે. મહોત્સવ ખાસ કરીને 'GEN Z' યુવાનો માટે આયોજિત કરવામાં આવ્યો છે અને ૧૯૯૬ બાદ જન્મેલા યુવક-યુવતીઓને જ પાસ આપવામાં આવશે.

ખેલૈયાઓ માટે પરંપરાગત વસ્ત્રો ફરજિયાત રાખવામાં આવ્યા છે. વિશાળ વાતાનુકૂલિત ડોમમાં ગરબાનું આયોજન હોવાથી વરસાદ કે ગરમીની ચિંતા વિના આરામદાયક વાતાવરણમાં ખેલૈયાઓ નવરાત્રીનો આનંદ માણી શકશે. ગરબા ઉપરાંત પ્રીમિયમ પાસનો અનુભવ પણ આકર્ષણનું કેન્દ્ર રહેશે.

આ મહોત્સવ માટે પ્રીમિયમ પાસનું નોંધણી કાર્ય તા.૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬થી શરૂ કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાંથી થનારી તમામ આવક હાલાર યુનિવર્સિટીના નિર્માણ માટે ઉપયોગમાં લેવામાં આવશે તેમ આયોજકો દ્વારા જણાવાયું છે.

## દ્વારકાધીશ મંદિર આસપાસ ભિક્ષુકો તથા ફેરીયાઓ માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું

દ્વારકા : યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ મંદિર ખાતે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ પધારતા હોય જે ધ્યાને લઈ મંદિર આસપાસના વિસ્તારોમાં ભિક્ષુકો તેમજ ફેરીયાઓના કારણે ભાવિકોને અવર-જવર કરવામાં મુશ્કેલી, ભક્તિમય વાતાવરણમાં વિક્ષેપ, સુરક્ષા વ્યવસ્થામાં ખલેલ, ટ્રાફીક તથા વ્યવસ્થાપન સબંધિત સમસ્યાઓ ઊભી ન થાય તે માટે અને ફેરીયા/ભિક્ષુકોની આડમાં ચોરી અને લૂંટ થતી રોકવા પોલીસ અધિક્ષક દેવભૂમિ દ્વારકા દ્વારા મંદિરની આસપાસ ભિક્ષુકો તથા ફરતા ફેરીયાઓ પર પ્રતિબંધ મૂકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કરાયેલ દરખાસ્ત અન્વયે જિલ્લા પોલીસ અધિકક્ષના હકારાત્મક અભિપ્રાયને ધ્યાનમાં લઈ દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે.

આ જાહેરનામા અનુસાર શ્રી દ્વારકાધીશ મંદિર દ્વારકાની ૧૦૦ મીટરની ત્રિજ્યા સુધીના વિસ્તારમાં ભિક્ષુકો તેમજ ફેરીયાઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ જાહેરનામું તા.૨૦-૧૧ સુધી અમલમાં રહેશે તેનો ભંગ કનાર શિક્ષાને પાત્ર થશે.

## ધીણકી ગામે વિધાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ

દ્વારકા : દ્વારકાના ધીણકી ગામે ગાંધી કસ્તુરબા બાલિકા વિદ્યાલય હોસ્ટેલનાં પટાંગણમાં હોસ્ટેલની વિધાથીર્નીઓ, સમાજનાં આગેવાનો અને રાજકિય આગેવાનોએ વૃક્ષારોપણ કર્યું.

આ પ્રસંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતનાં માજી ચેરમેન લુણાભા સુમણિયા, દિલીપ સુમણિયા, રાજાભા માણેક, હોસ્ટેલનાં વોર્ડન શોભનાબેન અને અલ્પાબેન તેમજ હોસ્ટેલની દિકરીઓએ હોંશભેર ભાગ લીધો.



તસવીર : બુધાભા ભાટી

## દ્વારકાની ગોમતી નદીમાં ગેરકાયેસર માછીમારી પર પ્રતિબંધ

દ્વારકા : દ્વારકામાં દ્વારકાધીશ મંદિરે દર્શન કરવા દેશભરમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવતા હોય દ્વારકાધીશ મંદિર નજીક વહેતી ગોમતી નદીમાં પણ સ્નાનનું વિશેષ ધાર્મિક મહત્વય હોય દર વર્ષે બહોળી સંખ્યામાં દર્શનાર્થીઓ પવિત્ર ગોમતી સ્નાન કરવા આવતા હોય છે.

આ પવિત્ર નદીમાં અવાર-નવાર અસામાજિક તત્ત્વો દ્વારા ગેરકાયદેસર રીતે માછીમારી કરવામાં આવતી હોવાના લીધે દ્વારકા દર્શને આવતા શ્રધ્ધાળુઓની ધાર્મિક લાગણી દુભાતી હોય તેમજ સ્નાન કરતી મહિલાઓ ક્ષોભજનક સ્થિતિમાં મૂકાવવાની શકયતાના કારણે ગોમતી નદીમાં થતી ગેરકાયદેસર માછીમારી પર પ્રતિબંધ મૂકવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દેવભૂમિ દ્વારકા દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાના કાયદાની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે. ગોમતી નદી પર સંગમનારાયણ મંદિરથી જુના ગોમતી ઘાટ તથા નવા ગોમતી ઘાટ, કિર્તીસ્તંભથી દ્વારકાધીશ મંદિર પાર્કિંગ સુધી તેમજ ગોમતી નદીના સામા કિનારે લક્ષ્મીનારાયણ પંચનદ તીર્થ (પંચકુઈ) મંદિરના નજીકના કિનારાથી ૧૦૦ મીટરની ત્રિજયાથી લઈ ગોમતી નદીનો પ્રવાહ સમુદ્રમાં મળે ત્યાં સુધી ગોમતી નદીના બંને કિનારે તમામ પ્રકારની બોટ/હોડી તથા પગડિયા માછીમારો દ્વારા માછીમારી કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ જાહેરનામું તા.૨૦-૧૧ સુધી અમલમાં રહેશે જેનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ અન્વયે કાનૂની કાર્યવાહીને પાત્ર થશે.

## જામનગરમાં રઘુવંશી ચિલ્ડ્રન ક્લબ દ્વારા સમાજ માટે રાસોત્સવનું આયોજન

જામનગર : જામનગરમાં છેલ્લા ચાર વર્ષથી કાર્યરત રઘુવંશી ચિલ્ડ્રન ક્લબ દ્વારા રઘુવંશી સહેલી ગ્રુપના સહયોગથી રઘુવંશી સમાજ માટે એક દિવસીય ભવ્ય રઘુવંશી રાસોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. તા.૪ ઓક્ટોબર, રવિવારના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે સાત રસ્તા સર્કલ પાસે આવેલા એમ.પી. શાહ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ રાસોત્સવમાં રઘુવંશી સમાજના ૧૫ વર્ષથી નીચેના બાળકો તેમજ તમામ વયની બહેનો અને બાળાઓ ભાગ લઈ શકશે. આ માટે અગાઉથી નોંધણી કરાવવી ફરજિયાત રહેશે.રાસોત્સવમાં ખેલૈયાઓ માટે રાસ-ગરબાની રમઝટ સાથે વિવિધ ઈનામોની વણઝાર કરવામાં આવી છે. ઉપરાંત દરેક પ્રતિસ્પર્ધી માટે ચોક્કસ ભેટ તથા ભોજન પ્રસાદીની પણ વ્યવસ્થા કરવામાં આવશે તેમ સંસ્થાના સ્થાપક-પ્રમુખ અલ્કાબેન વિઠ્ઠલાણીએ જણાવ્યું છે. રાસોત્સવમાં ભાગ લેવા માટે નોંધણી તથા વધુ માહિતી માટે અલ્કાબેન વિઠ્ઠલાણીનો મો. ૯૪૦૮૩૨૧૯૧૯ તથા રીટાબેન કારિયાનો મો. ૯૪૨૭૪૧૧૧૨૨ ઉપર સંપર્ક કરવા સંસ્થાએ અનુરોધ કર્યો છે.

## લાલપુર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ટીનુભા બી. જાડેજાને એએસઆઈ બન્યા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ ટીનુભા બી. જાડેજાને આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (એએસઆઈ) તરીકે બઢતી મળતાં લાલપુર પોલીસ સ્ટેશન સહિત સમગ્ર પોલીસ પરિવારમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

ટીનુભા બી. જાડેજાને બઢતી મળવાના પ્રસંગે લાલપુર પોલીસ સ્ટેશન ખાતે પ્રમોશન પિપિંગ સેરેમની યોજાઈ હતી. જેમાં પીએસઆઈ એસ.પી. ગોહીલ દ્વારા ટીનુભા બી. જાડેજાને એએસઆઈ તરીકેના બેજ લગાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે લાલપુર પોલીસ સ્ટેશનના અધિકારીઓ તથા સહકર્મીઓએ ટીનુભા બી. જાડેજાને બઢતી બદલ શુભેચ્છાઓ પાઠવી તેમની ઉજજવળ કારકિર્દી માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. બઢતી મળતાં પોલીસ સ્ટાફમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## જામનગરમાં પ્રથમ વખત વૈજ્ઞાનિક પદ્ધતિથી "બર્ડ એટલાસ" સર્વે યોજાયો

### બર્ડ કનઝર્વેશન સોસાયટી ગુજરાત સહિત જામનગરની પ્રકૃતિપ્રેમી,જીવદયાપ્રેમી સંસ્થાઓનો સંયુક્ત પ્રયાસ : ૬૨ પક્ષીપ્રેમીઓએ ૨૫ ગ્રીડમાં ફરીને તૈયાર કર્યો વૈજ્ઞાનિક ડેટાબેઝ






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં પ્રથમ વખત શહેરી વિસ્તારમાં પક્ષીઓની સંખ્યા, વિવિધતા અને ઋતુ પ્રમાણે તેમની હાજરીનો વૈજ્ઞાનિક ડેટાબેઝ તૈયાર કરવાના હેતુથી બર્ડ કનઝર્વેશન સોસાયટી ગુજરાત તથા જામનગરની વિવિધ પ્રકૃતિપ્રેમી, જીવદયાપ્રેમી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસથી "જામનગર બર્ડ એટલાસ" કાર્યક્રમ યોજાયો હતો.

વઢવાણ મુકામે વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા દ્વારા બર્ડ એટલાસની જાહેરાત કરવામાં આવ્યા બાદ છેલ્લા ત્રણ મહિનાથી કરવામાં આવેલી મહેનત અને આયોજનના પરિણામે જામનગરમાં આ વૈજ્ઞાનિક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

આ સર્વેમાં ૬૨ પક્ષીપ્રેમીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો,બર્ડ એટલાસના પ્રથમ તબક્કામાં કુલ ૬૨ પક્ષીપ્રેમીઓ, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફરો, પક્ષીવિદો, વન વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તથા આમંત્રિતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વહેલી સવારથી જ અલગ અલગ ટીમો દ્વારા જામનગર શહેરના વિવિધ નિર્ધારિત વિસ્તારોમાં ફરીને પક્ષીઓનું નિરીક્ષણ અને નોંધણી કરવામાં આવી હતી. આ કાર્ય માટે જામનગર શહેરને ૨૫ ગ્રીડમાં વિભાજિત કરાયું હતું,

વૈજ્ઞાનિક પદ્ધતિથી સર્વે હાથ ધરવા માટે જામનગર શહેરને કુલ ૨૫ ગ્રીડમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. દરેક ગ્રીડમાં બે સબસેલ અને દરેક સબસેલમાં ચાર ચેકલિસ્ટ મુજબ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આમ કુલ ૨૦૦ ચેકલિસ્ટ તૈયાર કરવામાં આવ્યા હતા.

આ ચેકલિસ્ટના આધારે વિવિધ વિસ્તારોમાં જોવા મળતા પક્ષીઓની જાતિ, હાજરી અને અન્ય જરૂરી વિગતોનું વૈજ્ઞાનિક રીતે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું.

ત્રણ ઋતુમાં થશે સમગ્ર બર્ડ એટલાસ,જામનગર બર્ડ એટલાસનો સર્વે કુલ ત્રણ ફેસમાં યોજાનાર છે. જેમાં ચોમાસું, શિયાળો અને ઉનાળો એમ ત્રણેય ઋતુ દરમિયાન પક્ષીઓની હાજરીનો અભ્યાસ કરવામાં આવશે.

હાલમાં પ્રથમ ફેઝ તરીકે સપ્ટેમ્બર માસ દરમિયાન ચોમાસુ સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. આગામી તબક્કાઓમાં શિયાળા અને ઉનાળાની ઋતુ દરમિયાન પણ આ જ પ્રકારનો સર્વે હાથ ધરવામાં આવશે.

શહેરના આયોજન અને સંરક્ષણ માટે ઉપયોગી બનશે ડેટા,આ સર્વે દરમિયાન એકત્રિત કરવામાં આવેલ વૈજ્ઞાનિક માહિતી અને ડેટાબેઝનો ઉપયોગ આગામી સમયમાં જામનગર મહાનગરપાલિકા, વન વિભાગ, પર્યાવરણ અને સંરક્ષણ સાથે સંકળાયેલી સંસ્થાઓ તેમજ અર્બન ટાઉન પ્લાનિંગ માટે કરવામાં આવશે. આ સર્વે બાદ શહેરમાં કયા વિસ્તારોમાં કયા પ્રકારના પક્ષીઓ જોવા મળે છે, કયા પક્ષીઓ કાયમી વસવાટ કરે છે અને કયા પક્ષીઓ ઋતુ પ્રમાણે જામનગરમાં આવે છે, તેની વધુ વ્યવસ્થિત સમજ મેળવવામાં આ ડેટા મહત્વપૂર્ણ બની રહેશે. સામાન્ય નાગરિકોમાં પક્ષીઓ પ્રત્યે જાગૃતિ લાવવાનો પણ ઉદ્દેશ,જામનગર બર્ડ એટલાસનો મુખ્ય ઉદ્દેશ માત્ર વૈજ્ઞાનિક ડેટા તૈયાર કરવાનો જ નહીં પરંતુ સામાન્ય શહેરીજનોને પણ પોતાના રહેણાક વિસ્તાર અને આસપાસ જોવા મળતા પક્ષીઓ અંગે માહિતી મળે અને પક્ષીઓ તથા પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ વધે તેવો પણ છે. જામનગરમાં પ્રથમ વખત યોજાયેલા આ પ્રકારના વૈજ્ઞાનિક સર્વેને શહેરના પક્ષીપ્રેમીઓ અને પ્રકૃતિપ્રેમીઓ માટે મહત્વપૂર્ણ પહેલ તરીકે જોવામાં આવી રહ્યો છે. આગામી બંને ઋતુના સર્વે પૂર્ણ થયા બાદ જામનગર શહેરનો વધુ વ્યાપક બર્ડ એટલાસ ડેટાબેઝ તૈયાર થશે તેવું આયોજકોએ જણાવ્યું હતું.

# 'વિશ્વ હૃદય દિવસ' નિમિત્તે જામનગરમાં 'દિલ સે વોક' યોજાઈ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : વિશ્વ હૃદય દિવસ નિમિત્તે હૃદયના સ્વાસ્થ્ય અંગે જનજાગૃતિ ફેલાવવા તેમજ નાગરિકોને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરિત કરવાના હેતુથી જામનગરમાં 'દિલ સે જામનગર વોક'નું આયોજન કરવામાં આવ્યું હતું.

બરોડા હાર્ટ એન્ડ શારદા સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ, રોટરી ક્લબ ઈમેજિકા જામનગર, RMB જામનગર તથા BNI જામનગરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં સવારે ૮ વાગ્યાથી રણમલ લેક ખાતે વોક યોજાયો 'Walk fro a Healthier, Happier Tomrorow'ના સંદેશ સાથે યોજાયેલ વોકમાં નાગરિકોને નિયમિત ચાલવું, શારીરિક રીતે સક્રિય રહેવું અને હૃદયની તંદુરસ્તી પ્રત્યે સજાગ રહેવા પ્રેરણા આપવામાં આવી હતી. વોક બાદ સવારે ૧૦ વાગ્યાથી બરોડા હાર્ટ એન્ડ શારદા સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલના વી.એમ. શાહ ઓડિટોરિયમ ખાતે નિષ્ણાત તબીબનું માર્ગદર્શન અને નિ:શુલ્ક હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પ યોજાયુ હતું. કાર્યક્રમ દરમિયાન કન્સલ્ટન્ટ કાર્ડિયો થોરેસિક એન્ડ વાસ્ક્યુલર સર્જન ડૉ. સુમિત ગુપ્તા દ્વારા 'Taking Care of Your Heart Today fro a Healthier Tomrorow' વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આયોજકોના જણાવ્યા મુજબ ડૉ. ગુપ્તાને ૧૫ વર્ષથી વધુનો અનુભવ છે અને તેમના દ્વારા ૪૦૦૦થી વધુ સફળ હૃદય સર્જરી કરવામાં આવી છે. નિ:શુલ્ક હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પમાં હાઈટ-મ્ૅ માપન, શુગર/ગ્લુકોઝ ચેકિંગ, બ્લડ પ્રેશર માપન તેમજ આરોગ્ય પરામર્શ જેવી સેવાઓ આપવામાં આવી હતી.

## જામજોધપુર અને દડિયામાં જુગારના બે દરોડમાં ૯ મહિલા સહિત ૧૫ પકડાયા

જામનગર : જામનગર જિલ્લામાં જુગાર મામલે પોલીસે બે સ્થળે દરોડા પાડી ૯ મહિલાઓ સહિત ૧૫ સામે કાર્યવાહી કરી હતી. જામજોધપુરના ડોઢીયાવાડીમાં અને જામનગરના દડિયા ગામે બાતમીના આધારે રેડ પાડી તમામ જુગારીઓ પાસેથી રૂા.૪૪,૫૫૦ની રોકડ રકમ કબજે કરાઇ હતી.

જામજોધપુર પોલીસે ડોઢીયાવાડીમાં વિસ્તારમાંપ રહેણાંક મકાન બહાર સ્ટ્રીટલાઇટના અજવાળે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીને લઇ રેડ પાડતા શિલ્પાબેન વંશ, દક્ષાબેન ઘેટીયા, મોતીબેન બેરા, ભાવનાબેન મારૂ, જસુબેન વસરા, વિજયાબેન સાપરિયા, પ્રવીણાબેન જાદવ, હિમાનીબેન મારૂ અને પન્નાબેન કાનાબાર સહિત નવ મહિલાઓ પતા ટીચતી પકડાઇ હતી. જેની પાસેથી રૂા.૧૪,૨૫૦ની રોકડ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઇ હતી.

જ્યારે દરોડામાં પંચકોશી બી ડિવિઝન પોલીસે દડિયામાં બસ સ્ટેન્ડ નજીક સ્ટ્રીટલાઇટના અંજવાળે તીનપત્તીનો જુગાર રમતા પ્રભુભાઈ હરવરા, રમેશભાઈ ધ્રાંગીયા, વિશાલભાઈ નંદા, મેહુલભાઈ વસીયર, ભાવેશભાઈ ગંઢા અને રાજેશભાઈ નંદા મળી છ શખ્સોને રૂા.૩૦,૩૦૦ની રોકડ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ કાર્યવાહી કરી હતી.

# સિક્કામાં જૂની બોલાચાલીનું મનદુ:ખ રાખી યુવક પર ત્રણ શખ્સોનો છરીથી હુમલો

જામનગર : જામનગર તાલુકાના સિક્કા વિસ્તારમાં દોઢેક વર્ષ અગાઉ થયેલી સામાન્ય બોલાચાલીનું મનદુ:ખ રાખી ત્રણ શખ્સોએ એકસંપ થઈ યુવક પર છરીથી હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાની ફરિયાદ સિક્કા પોલીસ મથકમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ સિક્કામાં તાલાબ કોલોની પાસે રહેતો સબીર ઈબ્રાહીમ ધોડીવારા (ઉ.વ.૪૧), રોજની જેમ વહેલી સવારે નમાજ માટે જતા હતા. દરમિયાન સવા પાંચેક વાગ્યાના અરસામાં જૂની મચ્છીપીઠથી યાસીન મેપાણીના ઘર પાસેથી પસાર થતાં યાસીન મેપાણી, સલીયો તથા ઈમુડો સુંભણિયા ત્યાં બેઠેલા હતા. ત્રણેયે તેમને રોકી અગાઉ આ તરફથી નહીં નીકળવા જણાવતાં સબીરભાઈ ત્યાંથી ડરીને ભાગી ગયા હતા.

ત્યારબાદ ઘરે જઈ કપડાં બદલીને બહાર નીકળ્યા બાદ શહીદી હૂસેની ચોક પાસે પહોંચતાં ફરીથી ત્રણેય શખ્સોએ તેમને રોકી ગાળો આપી હતી. આ દરમિયાન સલીયાએ છરી કાઢી 'આજ તને જાનથી મારી નાખવો છે' તેમ કહી છરી યાસીનને આપી હતી. યાસીને છરીથી હુમલો કરતાં સબીરભાઈએ જમણા હાથથી છરી પકડી લેતાં હથેળીમાં ઊંડો ઘા થયો હતો. છરી ખેંચતી વખતે હથેળીની નસો કપાઈ જતાં લોહી વહેવા લાગ્યું હતું. આ પછી પણ યાસીને છરી વડે હુમલો કરી જમણા હાથના ખભા પાસે પીઠના ભાગે ત્રણ ઘા તથા માથાના વચ્ચેના ભાગે એક ઘા માર્યાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. હુમલા દરમિયાન બૂમાબૂમ થતાં આસપાસના લોકો બહાર આવતાં ત્રણેય શખ્સો ત્યાંથી ભાગી ગયા હતા.

હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા સબીરભાઈને પ્રથમ સિક્કાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ફરિયાદી મુજબ આશરે દોઢ વર્ષ અગાઉ યાસીન અને સલીયા સાથે તેમના ઘર પાસેથી પસાર થવા બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. આ બાબતનું મનદુ:ખ રાખી યાસીન, સલીયો અને ઈમુડોએ એકસંપ થઈ છરી વડે હુમલો કરી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાવતા સિક્કા પોલીસે ત્રણેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મેઘપર ગામે ચાર કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો

### ૪ કિલો ગાંજા સહિત કુલ રૂા.૨.૧૧ લાખના મુદ્દામાલ સાથે બિહારી શખ્સની અટકાયત


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લામાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત એસઓજી અને મેઘપર (પડાણા) પોલીસની સંયુક્ત ટીમે મેઘપર ગામમાંથી ૪ કિલો ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો છે. પોલીસે રૂા.૨.૧૧ લાખનો મુદ્દામાલ કબજે કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

એસઓજી તથા મેઘપર (પડાણા) પોલીસની ટીમ સંયુક્ત પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન એસઓજીના વિરેન્દ્રસિંહ જાડેજા, બળભદ્રસિંહ જાડેજા અને મયુરરાજસિંહ જાડેજાને બાતમી મળી હતી કે, મેઘપર ગામમાં આરઓ પ્લાન્ટ પાસે આવેલા મકાનની ઓરડીમાં રહેતો સુનિલકુમાર રામબાબુ રાય ગાંજાનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે.

બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ઓરડીમાંથી સુનિલકુમાર રામબાબુ રાય (મૂળ રહેવાસી વૈશાલી, બિહાર) મળી આવ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી ૪ કિલો ગાંજો, કિંમત રૂા.૨ લાખ, એક મોબાઈલ ફોન રૂા.૧૦ હજાર તથા રોકડા રૂા.૧,૫૨૦ મળી કુલ રૂા.૨,૧૧,૫૨૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ અંગે મેઘપર (પડાણા) પોલીસ મથકે એનડીપીએસ એક્ટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(બી) અને ૨૯ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી એસઓજીના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરી, મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એલ. બારસીયા તથા એસઓજીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલ.એમ. ઝેરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

## ધ્રોલમાં અછબડાની બીમારીથી શ્રમિક પરણીતાનું મૃત્યુ

ધ્રોલ (સંજય ડાંગ) : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના મોટા ગરેડીયા ગામની સીમમાં આવેલી વાડીમાં રહેતા એક શ્રમિક યુવકની પત્નીની અચાનક તબિયત લથડ્યા બાદ સારવાર દરમિયાન મોત નીપજતાં ધ્રોલ પોલીસ મથકમાં અપમૃત્યુની નોંધ કરવામાં આવી છે.

ધ્રોલ તાલુકાના મોટા ગરેડીયા ગામની સીમમાં જમનભાઈ વશરામભાઈ લીંબાસીયાની વાડીમાં રહેતા રાલીબેન જીરીયાભાઈ મેહડા (ઉ.વ.૩૧)ને ગઈકાલે પેટ, છાતી તથા પગમાં દુખાવો ઉપડતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

મરણજનારને આશરે બે મહિના અગાઉ શરીરે અછબડા નીકળ્યા હતા. તે સમયે તેમના માથાના વાળ જતા રહ્યા હતા તથા શરીર પર કાળા ડાઘ પડી ગયા હોવાનું પોલીસ નોંધમાં જણાવાયું છે. બનાવ અંગે ધ્રોલ પોલીસ દ્વારા યુવતી રાલીબેનના પતિ જીલરીયાભાઈ મેહડાની જાહેરાતના આધારે અપમૃત્યુની નોંધ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## બેડેશ્વર પુલ નીચેથી ચોરાયેલી બાઈક સાથે શખ્સ ઝડપાયો



જામનગર : જામનગરમાં વાહનચોરીના બનાવો અટકાવવા અને વણઉકેલાયેલા ગુનાઓ શોધી કાઢવા પોલીસ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન સિટી 'બી' ડિવિઝન પોલીસના સર્વેલન્સ સ્ક્વોડે બેડેશ્વર પુલ નીચે સેલ્ટર હોમ પાસેથી ચોરાયેલી મોટરસાયકલ સાથે એક શખ્સને ઝડપી ચોરીનો ગુનો ઉકેલી કાઢ્યો છે.

જામનગર સિટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદીની ટી.વી.એસ. કંપનીની સ્કુટી પેપ પ્લસ, કાળા રંગની મોટરસાયકલ, રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૦-એઆર-૩૬૬૯, બેડેશ્વર પુલ નીચે સેલ્ટર હોમ પાસેથી પાર્ક કરેલી હતી. અજાણ્યો શખ્સ આ વાહન ચોરી કરી ગયો હતો.

તપાસ દરમિયાન સર્વેલન્સ સ્ક્વોડના જયપાલસિંહ જાડેજા, નિલેશભાઈ ઠાકરીયા અને પ્રહલાદસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે પોલીસે બેડેશ્વર એકડે-એક વિસ્તારમાં હુશેની મસ્જિદ પાસે રહેતા હુશેન સતારભાઈ પલેજાને ઝડપી લીધો હતો. તેની પાસેથી ઉપરોક્ત મોટરસાયકલ મળી આવતાં પોલીસે ચેસીસ નંબર અને એન્જિન નંબરની ખરાઈ કરી પૂછપરછ કરતા આરોપીએ બેડેશ્વર પુલ નીચે સેલ્ટર હોમ પાસેથી આ મોટરસાયકલ ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું. જેથી વાહન કબજે કરી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વોટ ચોરીના આક્ષેપ મામલે જામનગરમાં કોંગ્રેસ વિરોધ પ્રદર્શન કરતાં અટકાયત


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : મતદાર યાદીમાં કથિત ગેરરીતિ અને 'વોટ ચોરી'ના આક્ષેપોના મુદ્દે આજે જામનગર શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા અલગ-અલગ સ્થળોએ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરિયાની આગેવાનીમાં કોંગ્રેસના કાર્યકરોએ શરૂસેક્શન રોડ પર રેલી યોજી જિલ્લા કલેક્ટર કચેરી તરફ આવેદનપત્ર આપવા જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે રેલીને અટકાવી કોંગ્રેસના જિલ્લા પ્રમુખ સહિતના કાર્યકરોની અટકાયત કરી હતી. તમામને પોલીસ વાહનમાં બેસાડી પોલીસ હેડક્વાર્ટર ખાતે લઈ જવામાં આવ્યા હતા.

બીજી તરફ જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાનીમાં લાલ બંગલા સર્કલ ખાતે પણ 'વોટ ચોરી'ના મુદ્દે ધરણા-વિરોધ પ્રદર્શન યોજાયું હતું. કોંગ્રેસના કાર્યકરોએ ચૂંટણી અને મતદાર યાદી સંબંધિત મુદ્દે વિરોધ નોંધાવ્યો હતો. પોલીસે અહીં પણ વિરોધ પ્રદર્શન અટકાવી શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા સહિતના કાર્યકરોની અટકાયત કરી હતી. આમ, 'વોટ ચોરી'ના આક્ષેપોના મુદ્દે કોંગ્રેસ દ્વારા યોજાયેલા બંને વિરોધ પ્રદર્શનને પોલીસે અટકાવી કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી હતી.

## જામનગર, જામજોધપુર અને દડિયામાં જુગારના રમતા ૯ મહિલા સહિત ૧૫ પકડાયા

જામનગર : જામનગર શહેર, જામજોધપુર અને દડીયામાં પોલીસે જુગાર અંગે ત્રણ દરોડા પાડી ૯ મહિલાઓ સહિત ૨૨ શખ્સોને ઝડપી લઈ કુલ રૂ.૬૦૩૫૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

જામજોધપુર પોલીસે ડોઢીયાવાડીમાં વિસ્તારમાંપ રહેણાંક મકાન બહાર સ્ટ્રીટલાઇટના અજવાળે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીને લઇ રેડ પાડતા શિલ્પાબેન વંશ, દક્ષાબેન ઘેટીયા, મોતીબેન બેરા, ભાવનાબેન મારૂ, જસુબેન વસરા, વિજયાબેન સાપરિયા, પ્રવીણાબેન જાદવ, હિમાનીબેન મારૂ અને પન્નાબેન કાનાબાર સહિત નવ મહિલાઓ પતા ટીચતી પકડાઇ હતી. જેની પાસેથી રૂા.૧૪,૨૫૦ ની રોકડ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઇ હતી.

જ્યારે દરોડામાં પંચકોશી બી ડિવિઝન પોલીસે દડિયામાં બસ સ્ટેન્ડ નજીક સ્ટ્રીટલાઇટના અંજવાળે તીનપત્તીનો જુગાર રમતા પ્રભુભાઈ હરવરા, રમેશભાઈ ધ્રાંગીયા, વિશાલભાઈ નંદા, મેહુલભાઈ વસીયર, ભાવેશભાઈ ગંઢા અને રાજેશભાઈ નંદા મળી છ શખ્સોને રૂા.૩૦,૩૦૦ની રોકડ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત જામનગરના ગુલાબનગરમાં રામ મંદિરની આગળ શેરીમાં જાહેરમાં તનપતિનો જુગાર રમતા સુનિલ કિશોરભાઈ રોલીયા, ડાયાભાઈ ઘેલાભાઈ ધ્રાંગિયા, મહેશ બાબુભાઈ મકવાણા, વિમલ જીવાભાઈ મકવાણા, નરશીભાઈ મોહનભાઈ મકવાણા, દિનેશ ભરતભાઈ પરમાર અને અજય નારણભાઈ મકવાણાને પોલીસે ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રકમ રૂ. ૧૫૮૦૦ કબ્જે કર્યા હતા.

# નગડીયા અને આરંભડામાં જુગાર રમતી ૪ મહિલા સહિત ૯ શખ્સની અટકાયત

### રોકડ રકમ, વાહનો, મોબાઈલ ફોન સહિત રૂ. ૧.૯૮ લાખનો મુદ્દામાલ કબ્જે: ત્રણ ફરાર

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના નગડીયા અને દ્વારકાના આરંભડા ગામમાં જુગાર રમતી ૪ મહિલા સહિત ૯ શખ્સને પોલીસે દરોડો પાડી ઝડપી લઇ સ્થળપરથી કુલમળી રૂ. ૧.૯૮ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે ત્રણ શખ્સ નાશી જતા શોધખોળ આદરી વધુ તપાસ આરંભી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના નગડીયા ગામની સીમમાં આવેલ વાડી વિસ્તારમાં રહેતો રામભાઈ ગીગાભાઈ ઓડેદરા નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી અંગત ફાયદા માટે જુગારનો અખાડો ચલાવતો હોય તેવી બાતમીના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડ્યો હતો દરમિયાન અત્રે ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સંચાલક રામાભાઈ ઓડેદરા સહિત હીનાબેન વનરાજભાઈ પરમાર, શાંતીબેન પુંજાભાઈ કેશવાલા, સુમરીબેન ભીમાભાઈ ખુંટી, રૂપીબેન જેઠાભાઈ સિંઘલ નામની ૪ મહિલા સહિત ૫ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૩૨૫૦૦ ની રોકડ રકમ, રૂ. ૧૫ હજારની કિંમતના ૩ નંગ મોબાઈલ ફોન, રૂ. ૧ લાખની કિંમતની કાર અને રૂ. ૧૫ હજારની કિંમતનું એક નંગ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૧.૬૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે પ્રફુલભાઈ ભુતિયા નામનો શખ્સ નાશી જતા તેની શોધખોળ હાથ ધરી છે.

જ્યારે દ્વારકા તાલુકાના આરંભડા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા બાબુભાઈ સતારભાઈ ભીખલાણી, રાજેન્દ્રસિંહ જટુભા વાઢેર, બહાદુરભા બબાભા નાયાણી, અનવરભાઈ કાદરભાઈ બેતારા નામના ૪ શખ્સને મીઠાપુર પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૩૬૪૨૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી જ્યારે સમીર સાલેમામદ સોઢા અને ગફારભાઈ ચાવડા નામના બે શખ્સને ફરારી જાહેર કરી શોધખોળ આદરી છે.

# યાત્રાધામ દ્વારકામાં ભાદરવી સુદ પૂનમના કાળીયા ઠાકોરના દર્શન કરવા ભક્તોનું ધોડાપુર



દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં ગત શનિવારના ભાદરવી સુદ પૂનમના કાળીયા ઠાકોરના દર્શન કરવા વહેલી સવારથી ભાવિકોનું ઘોડાપુર ઉમટ્યું હતું. પુનમ હોવાથી વહેલી સવારથી ગોમતી ઘાટ ઉપર પવિત્ર સ્નાન કરવા ભાવિકો ઉમટયા હતા. ગોમતી સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધ્યું હતું. જોકે જગત મંદિરે સ્વર્ગ દ્વાર છપ્પન સીડી મોક્ષદ્વારે મંદિરમા શ્રીજીના દર્શન કરવા જવા સંખ્યા બંધ ભાવિકોની લાંબી કતારો લાગી હતી. પુર્ણિમા હોવાથી વારદાર દિપક પ્રવિણચંદ્ર પૂજારીએ ઠાકોરજીને બ્લુ કલરના વસ્ત્રો સાથે? શ્રીજીને મોર મુગટ ધારણ કરાવી સોના, ચાંદીના હીરા જડિત આભુષણોનો અલૌકિક શિંગારની ઝાખી કરી ભાવીકોને દર્શન કરાવ્યા હતા. સંખ્યામાં બંધ ભાવિકો શ્રીજીના અલોકિક દર્શન કરી ભાવવિભોર બન્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# જામનગરમાં ધ નેચર લેન્સ સોસાયટી દ્વારા ત્રિદિવસીય એક્ઝિબિશન







જામનગર : જામનગરમાં ધ નેચર લેન્સ સોસાયટી દ્વારા આગામી તા. ૨,૩ અને ૪ ઓક્ટોબર દરમ્યાન એમ.પી.શાહ ટાઉનહોલમાં 'વાઈલ્ડ આઈસ' જંગલ સ્ટોરીઝ નામથી વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી એક્ઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨/૧૦ને શુક્રવારે સવારે ૧૧ કલાકે એક્ઝીબીશનનું ઉદ્ઘાટન થશે.એ પછી પ્રતિદિન સવારે ૧૦ થી રાત્રે ૧૦ સુધી એક્ઝીબીશન મુલાકાતીઓ માટે ખુલ્લુ રહેશે.

એક્ઝીબીશનની ખાસ એ વાત છે કે એમાં તેર વર્ષની વયથી લઇ ૬૭ વર્ષ સુધીની વયનાં અને વિવિધ વ્યવસાય સાથે જોડાયેલ ૨૩ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સનાં ફોટો પ્રદર્શિત થશે.

એક્ઝીબીશનમાં ફોટોગ્રાફરો આનંદ પ્રજાપતિ, અંકુર ગોહિલ, અશ્વિન ત્રિવેદી, ભાવિક પારેખ, ચિરાગ શાહ,ધૈર્ય ઝવેરી, ડિમ્પલ એમ. વરૂ, ડો. ભાર્ગવ રાવલ, ડો. મેહુલ ભડાણીયા, હાર્દિક પાલા, હિરેન ખંભાયતા, હિતાર્થ ઝવેરી, ઈશાન વોરા, જગત રાવલ, જયેશ પટેલ, મનિષ ત્રિવેદી, મિત દવે, પ્રતિક જોશી, રવિરાજસિંહ જાડેજા, ઉર્મિલ ઝવેરી, વરૂણ શાહ, વિશ્વાસ ઠક્કર, યશોધન ભાટીયા નાં ફોટો પ્રદર્શિત થશે.

આ પ્રદર્શનમા જામનગરના પક્ષી અભયારણ્ય થી લઈને આફ્રિકાના વન્યપ્રાણી અભયારણ્ય સુધીની તસવીરોનો સમાવેશ કરવામાં આવેલ છે. કુદરત અને વન્ય જીવનની અદ્ભૂત પળોને કેમેરાની નજરે નિહાળવા જનતાને એક્ઝીબીશનની અચૂક મુલાકાત લેવા આયોજકો દ્વારા અનુરોધસહ જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# લાલપુરમાં રિક્ષામાંથી ૮૫ ચપટા દારૂ મળી આવતા શખ્સની અટકાયત, સપ્લાયર ફરાર

જામનગર : લાલપુર પોલીસે ચાર થાંભલા નજીક મુથુટ ફાઈનાન્સવાળી ગલીમાં દરોડો પાડી એક રિક્ષામાંથી વિદેશી દારૂના ૮૫ ચપટા સાથે એક શખ્સને ઝડપી લઈ દારૂ તથા રિક્ષા સહિત કુલ રૂ.૧.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

લાલપુર ચાર થાંભલાથી આગળ મુથુટ ફાઈનાન્સવાળી ગલીમાં એક રિક્ષામાં વિદેશી દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં

બજાજ મેક્સીમા રિક્ષા નં. જીજે-૧૦-ટીડબલ્યુ-૭૨૪૮માં ચાલક તરીકે હાજર હુસેન ફારુકભાઈ પટેલ મળી આવ્યો હતો. રિક્ષાની પાછળની સીટ પર રહેલા પ્લાસ્ટિકના બે બાચકાની તપાસ કરતા ઈંગ્લીશ દારૂના ૮૫ ચપટા મળી આવ્યા હતા. જેથી

પોલીસે દારૂના ચપલા અને રીક્ષા સહિત કુલ રૂ.૧.૬૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.આરોપીની પૂછપરછમાં ઝડપાયેલા હુસેન પટેલે દારૂનો જથ્થો ઈરફાન તારમામદ ઘુઘા, રહે. લાલપુર પાસેથી ચાર થાંભલા પાસે મેળવ્યો હોવાનું જણાવતા પોલીસે તેને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

## ભાડથર ગામે જુગાર રમતા ત્રણ ઝડપાયા, ચાર નાશી છૂટ્યા

ખંભાળિયા : ખંભાળિયા તાબેના ભાડથર ગામમાં પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો જ્યાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સને ઝડપી લઇ રૂ. ૧.૨૬ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ ચાર શખ્સને ફરાર જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના ભાડથર ગામમાં રાતીધાર વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા રાહુલ હેમંતભાઈ રાઠોડ, પ્રતાપભાઈ મુરુભાઈ ચુડાસમા, શામજીભાઈ ટપુભાઈ મકવાણા નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ.૬૨૦૦ ની રોકડ રકમ, રૂ. ૧૦૫૦૦ ની કિંમતના ૩ નંગ મોબાઈલ ફોન, રૂ. ૧.૧૦ લાખની કિંમતના ૭ નંગ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૧.૨૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે રામભાઈ પ્રતાપભાઈ ચુડાસમા, નાથાભાઈ કેશુભાઈ ચુડાસમા, પ્રવીણભાઈ પબાભાઈ પરમાર અને નરેશભાઈ અશોકભાઈ રાઠોડ નામના ૪ શખ્સ નાશી જતા શોધખોળ હાથ ધરી છે.

# ભૂગર્ભ ગટર / ખાળકૂવાની સફાઈ માટે સફાઈ કામદારોને ઊંડે સુધી ઉતારવા પર પ્રતિબંધ

જામનગર : કેન્દ્ર સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા નાબૂદ કરવા સંદર્ભે "ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩" નો અમલ તા.૧૮/૯/૨૦૧૩ તથા તે હેઠળ બનેલ નિયમનો તા.૧૨/૧૨/૨૦૧૩ થી સમગ્ર દેશમાં કરવામાં આવેલ છે. આ કડક કાયદાનો મુખ્ય હેતુ કોઈપણ સફાઈ કામદારને ભૂગર્ભ ગટર તેમજ ખાળકૂવામાં સફાઈ કરાવવા, ઉંડે ઉતરાવવા/ઉતારવા પર પ્રતિબંધ ફરમાવી, ગેસ ગળતરને કારણે કામદારોના સંભવિત મૃત્યુની દુર્ઘટના સંપૂર્ણ રીતે અટકાવવાનો છે.

આથી જામનગર જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ખાનગી મિલ્કત/સોસાયટીઓ/ફ્લેટો/ રહેણાંક વસાહતો/હોટલો/દુકાનો/રેસ્ટોરન્ટ/હોસ્પિટલો/પેઢીઓ/કારખાનાઓ/સંસ્થાઓ/ધર્મશાળાઓ/ગેસ્ટ હાઉસો/સમાજવાડીઓ/ધાર્મિક મંદિરો/શાળા/કોલેજો/હોસ્ટેલો વગેરેની અંદર કે આજુબાજુમાં આવેલ ભૂગર્ભ ગટર તેમજ ખાળકૂવા સાફ કરવા માટે ક્યારેય કોઈપણ સફાઈ કામદારોને ભૂગર્ભ ગટર/ખાળકૂવા સફાઈ કરાવવા માટે ઉંડે ઉતારવાના રહેશે નહિ કે તે માટે કોઈ ફરજ પાડી શકશે નહી.

આ અધિનિયમની જોગવાઈ અનુસાર ગટર સફાઈ દરમિયાન થતાં મૃત્યુ તથા દિવ્યાંગતાના કિસ્સામાં જે વ્યક્તિ/સંસ્થા/સોસાયટી/કોન્ટ્રાક્ટર દ્વારા સફાઈ કામદારોને ગટર સફાઈ માટે રોકવામાં આવેલ હોય તે જવાબદાર વ્યક્તિ/સંસ્થા/સોસાયટી/કોન્ટ્રાક્ટર સામે ગેરકાયદેસર કૃત્ય બદલ ફોજદારી રાહે પગલા ભરવાની જોગવાઈ ઉપરાંત સુપ્રિમ કોર્ટના ચુકાદાથી ગટર ગૂંગળામણને કારણે મૃત્યુ પામેલ સફાઈ કામદારોના મૃત્યુના કેસમાં સફાઈ કામદારોના વારસદારોને રૂ.૧૦.૦૦ વળતરની રકમમાં વધારો કરી રૂ.૩૦.૦૦ લાખ ચૂકવવા આદેશ કરેલ છે અને ભોગ બનનાર મૃતકોના વારસદારોને જો રૂ.૧૦.૦૦ લાખનું ચૂકવણું કરવાનું બાકી હોય તેવા તમામ વરસદારોને રૂ.૩૦.૦૦ લાખનું ચૂકવણું કરવા તેમજ ગટર સફાઈ દરમ્યાન ઉદભવતી દિવ્યાંગતાના કિસ્સામાં દિવ્યાંગતા અનુસાર ન્યૂનતમ રૂ.૧૦.૦૦ લાખનું વળતર અને કાયમી દિવ્યાંગતાના કિસ્સામાં ન્યૂનતમ રૂ.૨૦.૦૦ લાખનું વળતર ચૂકવવા આદેશ કરેલ છે.

કાનૂની ફરજ ઉપરાંત માનવતાની દ્રષ્ટીએ પણ આ જોખમી કામગીરી અપરાધ હોવાથી ગળતરથી થતાં અકાળે મૃત્યુને સંપૂર્ણપણે અટકાવવામાં સહભાગી બનવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયત, જામનગર અને નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ, જામનગરની યાદીમાં જણાવાયું છે.

# NSS સ્થાપના દિવસ નિમિત્તે ભવન્સ એચ. જે. દોશી કોલેજમાં રક્તદાન કેમ્પ યોજાયો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ભવન્સ એચ. જે. દોશી ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ, જામનગર ખાતે NSS સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૨૪-૯-૨૦૨૬ના રોજ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રક્તદાન કેમ્પમાં કોલેજના સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા કરવામાં આવેલ આ સેવાકીય પ્રવૃત્તિ સમાજ પ્રત્યેની જવાબદારી અને માનવતાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ બની હતી.

રક્તદાન કરનાર તમામ સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થીઓને કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અંદાજીત ૩૦થી ૪૦ જેટલા વિદ્યાર્થી ભાઇ બહેનો -રક્તદાતાઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલ રક્ત જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે જમા કરાવવામાં આવ્યું હતું, જેથી જરૂરિયાતમંદ દર્દીઓને તેનો લાભમળી શકે.

NSS દ્વારા યોજાયેલ આ રક્તદાન કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં સામાજિક જવાબદારી, સેવાભાવ અને રક્તદાન અંગે જાગૃતિ કેળવવાનો હતો. કોલેજના વિદ્યાર્થીઓએ પણ 'રક્તદાન એ મહાદાન''ના સંદેશ સાથે આ સેવાકીય પ્રવૃત્તિમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કોલેજના આચાર્ય ડો. તોસીફખાન પઠાણ, વાઈસ પ્રિન્સિપાલ ડો રવિભાઈ ઓઝા, ડો. ભૂષણ જોશી, NSSના કો-ઓર્ડીનેટર નીકિતાબેન જોશી અને સમગ્ર સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થીઓના સહયોગથી સમગ્ર રક્તદાન સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# કાલાવડ અને જામજોધપુર નગરપાલિકા દ્વારા હાથ ધરાઈ રાત્રી સફાઈ ઝુંબેશ





જામનગર : શહેરી વિસ્તારમાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણ જાળવી રાખવાના ભાગરૂપે કાલાવડ અને જામજોધપુર નગરપાલિકા દ્વારા રાત્રી સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન સફાઈ કામગીરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા સાથે સ્થાનિક વેપારીઓને સ્વચ્છતા જાળવવા માટે આવશ્યક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાલાવડ નગરપાલિકાના ચીફ ઓફિસર, સેનેટરી ઈન્સપેક્ટર, સીટી મેનેજર જીઉસ સહિતની ટીમે કાલાવડ બસ સ્ટેશન વિસ્તાર, સાગર કોમ્પ્લેક્ષ તેમજ શાક માર્કેટ નજીક આવેલી લારીઓ તથા દુકાનોની રાત્રી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન લારીધારકો પાસે કચરાપેટી ઉપલબ્ધ છે કે નહી તથા તેઓ કચરાનો નિકાલ કઈ જગ્યાએ કરી રહ્યા છે તેની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, જામજોધપુર નગરપાલિકા વિસ્તારમાં આવેલા મીની બસ સ્ટેશન નજીકના ખાણી-પીણી ઝોનમાં પણ નગરપાલિકા ટીમ દ્વારા સરપ્રાઈઝ સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ વેળાએ ખાણી-પીણીના વેપારીઓ અને લારીધારકોને જાહેરમાં કચરો ન ફેંકવા અને તમામ કચરો ફરજિયાતપણે કચરા ગાડીમાં જ નાખવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

## પ્રસિદ્ધ અભિનેત્રી રિવા રાચ્છે સરસ મેળામાંથી ખરીદી કરી



જામનગર : ગુજરાતી સિનેમાની ચર્ચિત અને પ્રખ્યાત ફિલ્મ 'લાલો'ની લોકપ્રિય અભિનેત્રી રિવા રાચ્છે 'સરસ મેળા'ની ખાસ મુલાકાત લીધી હતી. મેળાની મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક મહિલાઓ, લખપતિ દીદીઓ અને સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ ચીજવસ્તુઓના સ્ટોલ્સ નિહાળીને ઉત્સાહભેર ખરીદી કરી હતી.

અભિનેત્રી રિવા રાચ્છે મહિલા શક્તિ દ્વારા નિર્મિત હસ્તકળા અને ગૃહઉદ્યોગની અનન્ય પ્રોડક્ટ્સના વખાણ કરતા ઉપસ્થિત સૌને પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે આહ્વાન કર્યું હતું. તેમણે અપીલ કરતા જણાવ્યું હતું કે, વધુમાં વધુ લોકો આ સરસ મેળાની મુલાકાત લે અને સ્થાનિક મહિલાઓ દ્વારા બનાવવામાં આવેલી વસ્તુઓની ખરીદી કરીને તેમના આર્થિક સશક્તિકરણમાં ભાગીદાર બને. આ પ્રકારના આયોજનોથી પાયાના સ્તરે કામ કરતી મહિલા સાહસિકોને યોગ્ય મંચ મળે છે અને તેમની મહેનતને સાચું પ્રોત્સાહન પ્રાપ્ત થાય છે.

# જામનગરના ચકચારજનક સગીરાના દુષ્કર્મના કેસમાં સગી જનેતાની જામીન અરજી રદ

જામનગર : જામનગર જિલ્લામાં સગીર પુત્રીને તેના સાવકા પિતા સાથે શારીરિક સંબંધ બાંધવા માટે મજબૂર કરવાના ચકચારી કેસમાં ધરપકડ બાદ જેલમાં રહેલી સગીરાની માતાએ કરેલી જામીન અરજી પોક્સો કેસોની ખાસ અદાલતે રદ કરી છે.

આ કેસની વિગતો મુજબ, સગીરાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે પોતાની માતા અને સાવકા પિતા સાથે રહેતી હતી. દરમિયાન તેની માતાએ તેને સાવકા પિતા સાથે શારીરિક સંબંધ બાંધવા માટે જણાવ્યું હતું. ત્યારબાદ એક રાત્રે માતાએ ગરમી થતી હોવાનું જણાવીને સગીરાને ઘરની અગાશી પર સુવા મોકલી હતી. આ દરમિયાન સાવકા પિતાએ સગીરા સાથે તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો.

આ સિલસિલો બાદમાં પણ ચાલુ રહેતાં સગીરાએ પોતાની માતા અને સાવકા પિતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી હતી અને અદાલતમાં રજૂ કરતાં તેમને જેલ હવાલે કરવામાં આવ્યા હતા.

માતાએ જામીન મેળવવા માટે અદાલતમાં અરજી કરી હતી. જેનો સરકારી વકીલ રાજેશભાઈ વશીયરે વિરોધ કર્યો હતો. તેમણે અદાલત સમક્ષ રજૂઆત કરી હતી કે, આ સમગ્ર ઘટના સમાજ માટે લાંછનરૂપ છે અને ગુનામાં મહિલા આરોપીની સક્રિય ભૂમિકા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. માતા તરીકે પુત્રીની રક્ષા કરવાની જવાબદારી હોવા છતાં આરોપી મહિલાએ જ સગીરાને સાવકા પિતા સાથે સંબંધ બાંધવા માટે મજબૂર કરી હોવાની ગંભીર બાબત હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું.

સરકારી વકીલે વધુમાં જણાવ્યું હતું કે, આવા ગંભીર પ્રકારના ગુનામાં આરોપીને જામીન આપવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર પડી શકે છે. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ પોક્સો કેસોની ખાસ અદાલતે સગીરાની માતાની જામીન અરજી નામંજૂર કરી હતી.

## જામનગરમાં વીજ કરંટ લાગતાં દાઝેલા સગીરનું લાંબી સારવાર બાદ મોત

જામનગર : જામનગરના ગોકુલનગર પાણાખાણ વિસ્તારમાં થોડા દિવસો અગાઉ અગાસી પર કબૂતર ઉડાડવા જતાં ૬૬ કે.વી.ની વીજ લાઈનનો કરંટ લાગવાથી તરુણ ગંભીર રીતે દાઝી ગયો હતો. જેને હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા બાદ લાંબી સારવાર પછી ૧૧ વર્ષના સગીરનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. જેને લઈને પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

શહેરના ગોકુલનગર પાણાખાણ શેરી નં.૫ માં રહેતો યુવરાજ લખનભાઈ વડાણીયા (ઉ.વ.૧૧) તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ પોતાના રહેણાક મકાનની અગાસી પર ગયો ત્યારે અગાસીની બાજુમાંથી પસાર થતી ૬૬ કે.વી.ની મેઈન વીજ લાઇન પાસે લાકડી વડે કબૂતર ઉડાડવા જતાં તેને વીજ કરંટ લાગ્યો હતો. કરંટ લાગતાં યુવરાજ શરીરે ગંભીર રીતે દાઝી જતાં વિસ્તારમાં અફરાતફરી મચી હતી. અને સગીરને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો. છેલ્લા દસ દિવસથી સારવાર હેઠળ રહેલા યુવરાજનું તા. ૨૭ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ વાગ્યાના અરસામાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જે મામલે મૃતકના પિતા લખનભાઈ બાબુભાઈ વડાણીયા (ગોકુલનગર પાણાખાણ શેરી નં- ૫ યાદવપાનની બાજુમા જામનગર) એ પોલીસમાં જાણ કરતા પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

# કાલાવડ તાલુકાના મહેસૂલી તલાટીઓનું ગામમાં હાજરીનું નવું સમયપત્રક જાહેર

જામનગર : મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કાલાવડ દ્વારા તાલુકાના મહેસૂલી તલાટીઓ માટે ગામમાં હાજરીનું નવું સમયપત્રક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નવા સમયપત્રક મુજબ સેજા વાર ગામમાં હાજરી આ મુજબ રહેશે. સેજા બેરાજાના રેવન્યુ તલાટી અંકીત એન. ઘકાણા (૭૦૧૬૧૭૩૨૦૧) બેરાજા - મંગળવાર, નાની ભલસાણ - બુધવાર, ડું.દેવળીયા - શનિવાર, બાંગા - શુક્રવાર, સરાપાદર - શુક્રવાર, દુધાળા - સોમવાર સેજા નાની ભગેડીના રેવન્યુ તલાટી હેમાંગદાન પી.સુરુ (૮૧૨૮૨-૩૨૩૧૦) નાની ભગેડી - સોમવાર, મોટી ભગેડી - મંગળવાર, દાવલી - શુક્રવાર, મોરવાડી - બુધવાર, લલોઈ - મંગળવાર, વ.ખાખરીયા - શનિવાર, સેજા હરીપર ખઢેરાના રેવન્યુ તલાટી મુજરાજસિંહ આર. જાડેજા (૭૫૬૭૪-૯૩૮૩૭).

હરીપર ખઢેરા - મંગળવાર, નાની વાવડી - શુક્રવાર, વોડીસાંગ - બુધવાર, ગોલણીયા - સોમવાર, નાના બાદનપર - શનિવાર સેજા ખઢેરાના રેવન્યુ તલાટી ચીરાગભાઈ જે. મારૂ (૬૩૫૧૦-૫૧૪૩૯) ખઢેરા - સોમવાર, શુક્રવાર, મોટી માટલી - મંગળવાર, ખાનકોટડા - બુધવાર, નાગપુર - શનિવાર, સેજા નિકાવા અને ખરેડી(ચાર્જમાં) ના રેવન્યુ તલાટીશ્રી વિપુલ એસ. કાલરીયા (૯૪૨૯૨-૪૫૦૩૮) નિકાવા - મંગળવાર, શુક્રવાર, રાજડા - સોમવાર, ખરેડી - બુધવાર, શનિવાર, સેજા મોટા ભાડુકીયાના રેવન્યુ તલાટી હાર્દિકભાઈ ડી. માળીયા (૯૧૫૭૮-૭૪૦૫૮) મોટા ભાડુકીયા - સોમવાર, શનિવાર, પીપર - મંગળવાર, લબુકીયા ભાડુકીયા - બુધવાર, ભગત ખીજડીયા - શુક્રવાર સેજા મોટા વડાળા અને ડેરી ગોટીયા (ચાર્જમાં) રેવન્યુ તલાટીશ્રી પાર્થ બી. ગઢવી (૬૩૫૫૭-૪૬૭૬૦) મોટા વડાળા - સોમવાર, જુવાનપર - મંગળવાર, ડેરી ગોટીયા - બુધવાર, ગુંદા - બુધવાર, કાલમેઘડા - શુક્રવાર, મોરીદડ - શનિવાર, માખાકરોડ - શુક્રવાર સેજા જશાપરના રેવન્યુ તલાટી રાહુલભાઈ એમ.જળુ (૯૯૨૪૨-૬૦૦૧૦) જશાપર - મંગળવાર, બુધવાર, મણવર ખીજડીયા - શનિવાર, નવા ખાખરીયા - સોમવાર, જીવાપર - સોમવાર, બાવા ખાખરીયા, ભાયુ ખાખરીયા - શુક્રવાર, સેજા પીઠડીયાના રેવન્યુ તલાટી અભય એન. બાણગોરીયા (૮૧૪૦૦-૯૦૦૨૫) પીઠડીયા - સોમવાર, મંગળવાર, બુધવાર, મકાજી મેઘપર - શનિવાર, વિભાણીયા - શુક્રવાર સેજા ટોડાના રેવન્યુ તલાટી ઉર્વશી એમ. ચૌહાણ (૭૦૧૬૪-૦૨૬૬૪) ટોડા - મંગળવાર, માછરડા - સોમવાર, ભંગડા - બુધવાર, બામણગામ - શુક્રવાર, ભાવાભી ખીજડીયા - શનિવાર, ફગાસ- બુધવાર સેજા છતરના રેવન્યુ તલાટી અંજલી જે. પીપળીયા (૭૯૯૯૯-૯૫૩૫૭) છતર - મંગળવાર, શુક્રવાર, મોટા પાંચદેવડા - શનિવાર, નાના પાંચદેવડા - બુધવાર, બોડી - સોમવાર, સેજા રાજસ્થળીના રેવન્યુ તલાટી અજંતા એન. જલુ (૯૭૭૩૦-૩૮૪૪૪) રાજસ્થળી - સોમવાર, ચાપરા - શુક્રવાર, કોઠા ભાડુકીયા - શનિવાર, ખી.સણોસરા - મંગળવાર, શીશાંગ - બુધવાર સેજા સનાળાના રેવન્યુબતલતી ધનવંતી પી. મંધવાણી (૭૯૮૪૫-૯૫૯૭૧) સનાળા - બુધવાર, મછલીવડ - સોમવાર, શનિવાર, પ્રભુજી પીપળીયા - મંગળવાર, અરલા - શુક્રવાર, સેજા આણંદપરના રેવન્યુ તલાટી વિશાલભાઈ જે. ભાસણીયા (૯૯૭૯૫-૨૪૯૧૦) આણંદપર - સોમવાર, બુધવાર, ખડ ધોરાજી - શુક્રવાર, ધાંધલીયા પીપળીયા - શનિવાર, પાતામેઘપર - મંગળવાર, સેજા નાના વડાળાના રેવન્યુ તલાટી રીતેષ એમ. સાકરીયા (૯૧૫૭૮-૯૪૦૫૮) નાના વડાળા - સોમવાર, શુક્રવાર, ડાંગરવાડા - મંગળવાર, બેડીયા - શનિવાર, સેજા મુળીલાના રેવન્યુ તલાટી મોનીકાબેન જે. ચાંઉ (૬૩૫૫૩-૮૪૬૭૦) મુળીલા - મંગળવાર, શુક્રવાર, બાલંભડી - બુધવાર, નપાણીયા ખીજડીયા - સોમવાર, શનિવાર સેજા મોટી નાગાજરના રેવન્યુ તલાટી વનરાજભાઈ એસ. ભોજાણી (૯૯૯૮૮-૩૯૮૨૭)

મોટી નાગાજર - મંગળવાર, સતીયા - શનિવાર, સોરઠા - શુક્રવાર, વિરવાવ - બુધવાર, ભીમાનું ગામ - સોમવાર, નાની નાગાજર - શુક્રવાર સેજા ચેલાબેડીના રેવન્યુ તલાટી દેવાંગ એન. બાંભણીયા (૭૨૦૩૦-૭૦૪૯૯).

ચેલાબેડી - મંગળવાર, રામપર - શુક્રવાર, રવશીયા - બુધવાર, સાવલી - મંગળવાર, ગલપાદર - સોમવાર, હંસ્થળ-શનિવાર સેજા મકરાણી સણોસરાના રેવન્યુ તલાટી લીલાબેન ડી. સોલંકી (૯૬૮૭૪-૮૮૧૦૧) મકરાણી સણોસરા - મંગળવાર, હ.સરવાણીયા - શનિવાર, જામવાડી, જાલણસર - બુધવાર, સરવાણીયા - સોમવાર, મોટી વાવડી - શનિવાર, રીનારી - શુક્રવાર, સેજા ધુનધોરાજીના રેવન્યુ તલાટી રવિભાઈ એમ. સાંગાણી (૭૯૮૪૧-૫૧૧૫૦) ધુનધોરાજી - બુધવાર, શનિવાર, હરીપર મેવાસા - સોમવાર, નવાગામ - મંગળવાર, ઉમરાળા - શુક્રવાર, ગુરૂવારે તમામ તલાટીશ્રીઓએ કચેરીએ મીટીંગમાં હાજર રહેવાનું રહેશે. તેમ કાલાવડ મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જામનગરમાં વાહનની બનાવટી નંબર પ્લેટ તૈયાર કરનાર શખ્સને ઝડપાયો



જામનગર : જામનગર શહેરમાં વાહન પર ફેક નંબર પ્લેટ લગાવીને ફરતા શખ્સને નેત્રમ શાખા અને ટ્રાફિક પોલીસે ઝડપી પાડ્યા બાદ પોલીસે ફેક નંબર પ્લેટ બનાવી આપનારને પણ દબોચી લીધો હતો. જેની સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જામનગર શહેરમાં સ્કૂટરમાં બનાવટી નંબર પ્લેટ લગાવી ફરવાના ગુનામાં પોલીસે વધુ એક આરોપીને ઝડપી પાડ્યો છે. જામનગરમાં ઈ ચલણથી બચવા માટે ટાઉનહૉલ પાસેથી વાહનમાં ફેક નંબર પ્લેટ લગાવી નીકળેલા ફૈઝલ યુનુસભાઈ મુનરાઈ (ઉ.વ.૨૩)ને ઝડપી લીધા બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં બનાવટી નંબર પ્લેટ તૈયાર કરી આપનાર તરીકે બેડીના ઈકલ ઈકબાલ ચોકમાં રહેતા ઈબ્રાહીમ ઉર્ફે ડાડો મહમદહનીફ નોતીયારનું નામ ખૂલતા તેને પણ પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જીએસટીના પ્રશ્ને જામનગરના ઉદ્યોગકારો આગ બબુલા, ધંધા રોજગાર બંધ રાખ્યા

## ૩૩૯૧ જેટલી આડેધડ નોટિસો અને રૂ. ૨૧૫૦ કરોડના આકરા દંડથી ત્રસ્ત ૪૫૦૦ ઉદ્યોગકારો મેદાને, બોનાફાઇડ ખરીદદારોના રક્ષણ માટે ઉગ્ર માંગ સાથે રેલી યોજી પાઠવ્યું આવેદન







તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ભારતના સૌથી મોટા બ્રાસ મેન્યુફેક્ચરિંગ હબ ગણાતા જામનગરમાં ૭૦૦૦ જેટલા ઔદ્યોગિક એકમો કાર્યરત છે, જે અંદાજિત ૩.૫ લાખથી વધુ લોકોને સીધી કે આડકતરી રોજગારી પૂરી પાડે છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી આ જીવાદોરી સમાન બ્રાસ ઉદ્યોગ જીએસટી વિભાગ દ્વારા અપાતી આડેધડ નોટિસો અને કાયદાકીય જટિલતાઓના ચક્રવ્યૂહમાં ફસાયો છે. આ ગંભીર મુશ્કેલીઓના નિવારણ માટે જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશન, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશન ફેસ ૨/૩ સહિતની તમામ સંલગ્ન સંસ્થાઓના સહયોગથી આજે એક વિશાળ મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

આ આવેદનપત્ર થકી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સમક્ષ જીએસટી કાયદામાં યોગ્ય અને વ્યવહારુ સુધારાઓ કરવાની અને કાયદાનું સરળીકરણ કરવાની પ્રબળ માંગણી કરવામાં આવી છે. આ જટિલ સમસ્યા અંગે ઉદ્યોગના અગ્રણીઓએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જામનગર બ્રાસ પાર્ટ્સનું મોટું હબ હોવાથી વર્ષોથી મોટા પ્રમાણમાં બ્રાસ સ્ક્રેપ ડમ્પ થાય છે અને કેટલાક તત્વો દ્વારા આચરવામાં આવતી જીએસટીની ચોરીની સજા નિર્દોષ અને પ્રામાણિક બ્રાસ ઈન્ડસ્ટ્રીઝ તથા વેપારીઓએ ભોગવવી પડી રહી છે. પ્રામાણિકપણે ખરીદી કરતા બોનાફાઈડ ખરીદદારોને આ કાયદાની આંટીઘૂંટીઓમાંથી મુક્તિ મળવી જોઈએ અને જેઓ ખરેખર જીએસટીની ચોરી કરે છે તેમને જ સજા થવી જોઈએ તેવી માંગ ઉઠાવવામાં આવી છે.

ગેરકાયદેસર અને આડેધડ રીતે અપાતી નોટિસો બંધ થવી જોઈએ તેવી માંગ સાથે ઉદ્યોગકારો દ્વારા જીએસટી કાયદાને સરળ બનાવવાની અપીલ કરવામાં આવી છે જેથી એમએસએમઈ એકમો પર કાર્યકારી મૂડીનો વધતો જતો બોજ અને આઈટીસી સંબંધિત ગૂંચવણો દૂર થઈ શકે.

જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર એસોસિએશનના પ્રેસિડેન્ટ વિષ્ણુ પટેલે આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે, જામનગરના સાડા ચાર હજાર જેટલા ઉદ્યોગકારોને અત્યાર સુધીમાં ૩૩૯૧ જેટલી ડીમાન્ડ નોટિસો ફટકારવામાં આવી છે. આ નોટિસો થકી ઉદ્યોગકારો પાસે કુલ રૂ. ૨૧૫૦ કરોડથી વધુની જંગી રકમની માંગણી કરવામાં આવી છે, જે અત્યંત ચિંતાજનક છે. તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે જામનગરમાં માસિક ૨૦,૦૦૦ ટન બ્રાસનું કન્ઝપ્શન થાય છે અને આ ઉદ્યોગ દર મહિને સરકારને અંદાજે ૪૫૦ થી ૫૦૦ કરોડ રૂપિયાનું જીએસટીનું ચૂકવણું કરે છે. આમ છતાં, જીએસટી વિભાગના અધિકારીઓ દ્વારા મનફાવે તેમ જીએસટી કલમ ૭૩, ૭૪, ૭૪એ અને ૧૨૨ હેઠળ નોટિસો આપીને ઉદ્યોગકારોને પરેશાન કરવામાં આવી રહ્યા છે, જે એક પ્રકારે સરકાર વિરુદ્ધનું કામ છે.

જીએસટીના ઘટક ૯૮, ૯૯ અને ૧૦૦ હેઠળ આવરી લેવાયેલા જીઆઈડીસીના આ તમામ ઉદ્યોગકારો દ્વારા વ્યક્ત કરવામાં આવેલી લાગણી અને માંગણીઓ બિલકુલ વાજબી છે, કારણ કે પ્રામાણિક ખરીદદારોના ઈનપુટ ટેક્સ ક્રેડિટ અધિકારોનું રક્ષણ થવું અત્યંત આવશ્યક છે. જો કાયદાની પ્રક્રિયા સરળ બનશે, તો જ એમએસએમઈ ક્ષેત્રનો અનુપાલન ખર્ચ ઘટશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં જામનગરના બ્રાસ ઉદ્યોગની સ્પર્ધાત્મકતા ટકી શકશે. ત્રણેય મુખ્ય સંસ્થાઓ અને અન્ય તમામ સંલગ્ન સંગઠનો આશા રાખી રહ્યા છે કે સરકાર વહેલી તકે કલેક્ટર મારફતે પહોંચાડાયેલા આ પ્રશ્નોનો હકારાત્મક અભિગમથી વિચાર કરશે અને ઉદ્યોગકારોને રાહત મળે તેવા સકારાત્મક પગલાં લેવા માગણી કરવામાં આવી હતી.

## જામનગરમાં ગરબીની ફીના મુદ્દે મહિલા વકીલના પુત્રને થપ્પડ મારી માતાને ધમકી

જામનગર : જામનગરના રણજીતસાગર રોડ વિસ્તારમાં ગરબીની ફી ભરવા બાબતે વકીલના ૧૨ વર્ષના પુત્રને થપ્પડ મારવાના બનાવ અંગે ગરબી સંચાલકની પુત્રી સહિત બે મહિલાઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદી માતા પોતે જામનગર કોર્ટમાં વકીલાતની પ્રેક્ટિસ કરતી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

જામનગરના વૃંદાવન પાર્ક વિસ્તારમાં યોજાતી જય અંબે ગરબીની પ્રેક્ટિસમાં ફરિયાદી એડવોકેટનો ૧૨ વર્ષનો પુત્ર ગયો હતો. તેની ગરબીની ફી ભરવાની બાકી હોવાથી સંચાલક રીયાબેન બજાજે ફરિયાદીને ફોન કર્યો હતો. ત્યારબાદ રીયાબેનની પુત્રી સુમનબેને બાળકને ગરબીમાંથી કાઢી મૂક્યો હતો અને તેને ડાબા ગાલ પર થપ્પડ મારતા બાળક રડતો ઘરે પહોંચ્યો હોવાની જાણ થતાં તેની માતા ગરબી સ્થળે પહોંચી હતી. ત્યાં ફી બાબતે વાતચીત દરમિયાન સુમનબેને ફરિયાદીને 'તમે વકીલ છો, તમારાથી થાય તે કરી લેજો' તેમ કહી ધમકી આપી હતી. તેમજ અન્ય મહિલા હેમાલીબેને પણ પોલીસમાં ઓળખાણ હોવાનું કહી ફરિયાદીને જ્યાં જવું હોય ત્યાં જવા જણાવ્યું હતું. ઉપરાંત 'તમે અને તમારો દીકરો અહીં ફરકતા નહીં, નહીં તો તમારા દીકરાને જાનથી પતાવી દઈશ અથવા ગુમ કરી દઈશ' તેવી ધમકી આપવામાં આવી હતી. બાળકના ગાલ અને કાનમાં ઈજા થતાં તેને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો.

આ સમગ્ર પ્રકરણ અંગે વકીલ હર્ષિદાબેન રાઠોડે સિટી-એ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સુમનબેન બજાજ અને હેમાલિબેન બારોટ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## દરેડમાં ઉછીના રૂપિયા નહીં આપતા મિત્રને ઢોર માર મારી મોતને ઘાટ ઉતાર્યો

### યુવાનને લાકડાના ધોકા અને ઢીકાપાટુનો માર મારી ચાર આરોપીઓ નાશી છૂટયા

જામનગર : જામનગરમાં પોલીસનું અસ્તિત્વ હવે સામાન્યજન પૂરતું જ સીમિત રહ્યું હોય તેમ આરોપીઓ બેફામ બનીને ગુનાને અંજામ આપી રહ્યા છે. જેના પુરાવા સમાન દરેડમાં હત્યાની વધૂ એક ઘટના નોંધાઈ છે. દરેડના સ્મશાનમાં રૂપિયા મુદ્દે મિત્રો વચ્ચે ઘમાસાણ સર્જાયું હતું. મિત્રએ વાપરવા માટે ઉછીના રૂપિયા આપવાનો ઈનકાર તેના જ મિત્ર અને સાગરીતોએ લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. જેમાં ગંભીર રીતે ઘવાયેલા પરપ્રાંતિય યુવકનું સારવાર દરમિયાન મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો



હતો. પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી પકડી પાડ્યા છે.

બિહારના આમવાગામનો વતની અને હાલ જામનગરના દરેડમાં રહી મજૂરી કરતો સુર્યકાન્ત ઉર્ફે સુર્યા બિટેશ્વર પ્રસાદ (ઉ.વ.૨૮) તા.૨૪ સપ્ટેમ્બરની રાત્રે આશરે દરેડમાં વાછરાદાદાના મંદિર પાસે આવેલા સ્માશનમાં મિત્રો વિમલ પરમાર, ખોડાભાઈ ઉર્ફે ખોળુ અને વિરમ ઉર્ફે રાધે સાથે બેઠો હતો. આ દરમિયાન વિમલ પરમારે સુર્યકાન્ત પાસે વાપરવા માટે ઉછીના રૂપિયા માંગ્યા હતા. જો કે, સુર્યકાન્તે રૂપિયા આપવાની ના પાડતા વિમલ પરમાર, ખોડાભાઈ ઉર્ફે ખોળુ અને વિરમ તથા રવીરાજસિંહ કંચવાએ સુર્યકાન્તને માર સુર્યકાન્તને ગંભીર હાલતમાં ત્યાં જ છોડી નાશી છૂટયા હતા.

મૃતકના બનેવી સુગ્રીમકુમાર વર્મા સહિતનાઓને બીજા દિવસે જાણ થતાં યુવાનને સારવાર માટે પ્રથમ દરેડ ખાતે લઈ જવાયો હતો. ત્યારબાદ તબિયત વધુ લથડતાં ૧૦૮ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. જેને લઈને બનાવ હત્યામાં પલટાયો હતો.

આ બનાવ અંગે મૃતકના બનેવી સુગ્રીમકુમાર વર્માએ ફરિયાદ નોંધાવતા પોલીસે વિમલ પરમાર, ખોડાભાઈ ઉર્ફે ખોળુ, વિરમ ઉર્ફે રાધે રવીરાજસિંહ કંચવા (રહે.દરેડ ગામ) સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## જામનગરના અલિયા ગામે સાસુ-વહુ વચ્ચે કંકાશ બાદ ચકચારજનક કિસ્સો

### સાસુએ ડોલ ભરી ધગધગતું પાણી ઉડાડતાં માતા-પુત્રી દાઝી જતા સારવાર

જામનગર : જામનગર તાલુકાના અલિયા ગામે ચકચારજનક કિસ્સો નોંધાયો છે. સાસુ, વહુ વચ્ચે થયેલા ઘરકંકાસ બાદ સાસુએ પુત્રવધૂ અને સાત માસની પૌત્રી ઉપર ડોલથી ધગધગતું પાણી ઉડાડતાં બંને દાઝી ગઈ હતી. જેને ગંભીર હાલતમાં જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા બાદ પોલીસે સાસુ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અલિયા ગામની મેઈન બજારમાં રહેતા જુનેદભાઈ ઈકબાલભાઈ વિંઘાણી (ઉ.વ.૩૯)એ નોંધાવેલી ફરિયાદ અનુસાર તા.૨૫ સપ્ટેમ્બરના રોજ સવારે પત્ની મુસ્કાન અને તેમની માતા મેમુનાબેન વચ્ચે કોઈ કારણસર બોલાચાલી બાદ બંને વચ્ચે ઝઘડો થયો હતો. બપોરે જુનેદભાઈ વાડીએ ચાલ્યા ગયા બાદ પાછળથી તેમના પત્ની પુત્રી આઈશાને લઈને રૂમમાં બેઠા હતા ત્યારે સાસુ મેમુનાબેન ગરમ પાણી ભરેલી ડોલ લઈને આવ્યાં હતાં અને અચાનક બંને ઉપર ગરમ પાણી ઉડાડતાં માતા-દીકરી દાઝી ગયાં હતાં.

બાદમાં દેકારો થતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. બંનેને ખાનગી વાહનમાં જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. મુસ્કાન ચહેરા, છાતી, બંને હાથ અને પગના ભાગે દાઝી ગઈ હતી. જ્યારે સાત માસની બાળકી આઈશાના પેટ, ડાબા પગ અને બંને હાથના ભાગે દાઝી જતા બંને સારવાર હેઠળ છે. જુનેદભાઈએ પોતાની માતા મેમુનાબેન ઈકબાલભાઈ વિંઘાણી વિરુદ્ધ પત્ની અને પુત્રી ઉપર જાણીજોઈને ગરમ પાણી ઉડાડી શરીરે દઝાડી દીધાના આરોપ સાથેની ફરિયાદ નોંધવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ધ્રોળ નજીક રોડ ઓળંગી રહેલ વૃદ્ધને કારના ચાલકે હડફેટે લેતા મૃત્યુ

જામનગર : ધ્રોલ તાલુકાના જાયવા ગામના પાટિયા નજીક રાજકોટ-જામનગર હાઈવે પર રોડ ક્રોસ કરી રહેલા વૃદ્ધને પુરઝડપે અને બેદરકારીપૂર્વક દોડી આવેલી કારના ચાલકે હડફેટે લેતાં ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ કારચાલક વાહન સાથે જામનગર તરફ નાસી છૂટ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ મોડપર ગામે રહેતા જગદીશભાઈ ચનાભાઈ મકવાણા તેઓ પરિવાર સાથે મોડપર ગામે રહે છે અને છૂટક મજૂરી કામ કરે છે. તેમના સસરાના મોટાભાઈ હરજીભાઈ વાલજીભાઈ ચૌહાણ ઉંમર આશરે ૬૯ વર્ષ, હાલ વડોદરા ખાતે રહેતા હતા. બનાવના દિવસે હરજીભાઈ ચૌહાણ મોડપર ખાતે જગદીશભાઈના ઘરે આવ્યા હતા.

બીજા દિવસે તેઓ પોતાના સંબંધીઓને મળવા જાયવા ગામે જવા માંગતા હોવાથી જગદીશભાઈએ તેમને કાકાના દીકરા ગૌતમ મકવાણાના મોટરસાઈકલ પર બેસાડી જાયવા ગામે ઉતારવાની વ્યવસ્થા કરી હતી. બંને મોટરસાઈકલ પર અલગ-અલગ નીકળ્યા હતા.

જાયવા ગામના પાટિયા નજીક જેટકોની કચેરી પાછળ આવેલા ઈંટોના ભઠ્ઠા પાસે ગૌતમ મકવાણાએ મોટરસાઈકલ રોડની સાઈડમાં ઊભી રાખી હતી. જ્યાં હરજીભાઈ રોડ ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે રાજકોટ તરફથી પુરઝડપે અને ગફલતભરી રીતે આવેલી ફોરવ્હીલ કારે તેમને અડફેટે લીધા હતા. કારનો નંબર જીજે-૦૭-એઆર-૭૯૧૪ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

અકસ્મતમાં હરજીભાઈના માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં રાહદારીઓની મદદથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને ધ્રોલ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા અકસ્માત બાદ કારચાલક કાર લઈ જામનગર તરફ નાસી છૂટ્યો હતો. ફરિયાદ બાદ પોલીસે કારના નંબરના આધારે ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં પત્નીના પ્રેમસંબંધની શંકાથી પૂર્વ પ્રેમીને ઘરમાં બોલાવી સાળા-બનેવીનો હુમલો

### બંને શખ્સ છરી-પાઈઓથી તૂટી પડતા યુવાનના હાથ-પગમાં ફ્રેક્ચર સહિતની ઈજા

જામનગર : જામનગરના લાલવાડી વિસ્તારમાં પ્રેમસંબંધની શંકાને પગલે યુવક પર હુમલો કરાયો હોવાની ફરિયાદ નોંધાઈ છે. પૂર્વ પ્રેમિકાના ઘર નજીકથી પસાર થતા યુવાનને શંકાના આધારે પ્રેમિકાના પતિએ વાતચીતના બ્હાને ઘરે બોલાવી સાળા, બનેવી સહિતના બે શખ્સોએ પાઈપ અને છરી વડે હુમલો કરતા યુવાનને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં યુવાનને હાથ,પગમાં છ ટાંકા લેવાની નોબત આવી હતી. આ અંગે યુવાનની ફરિયાદના આધારે બે શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે.

મોરકંડા ગામે રહેતા મયુર નવઘણભાઈ જીંજુવાડીયાનો લાલવાડીમાં રહેતા ગૌતમ રાઠોડની પત્ની સાથે આશરે પાંચ વર્ષ પહેલાં પ્રેમસંબંધ હતો. તેવામાં તા. ૨૬ સપ્ટેમ્બરે સવારે મયુર લાલવાડી શેરી વિસ્તારમાંથી પસાર થતા હતા ત્યારે ગૌતમ તેને જોઈ ગયો તેના ઘરેથી મળીને આવ્યો હોવાની શંકા જતા તેને રોકી વાતચીત કરવાના બહાને પોતાના ઘરે લઈ ગયો હતો. આ વેળાએ ગૌતમએ ફોન કરીને દરેડમાં રહેતા તેના સાળા જયેશ રાઠોડને બોલાવ્યો હતો. બંનેએ સાથે મળી મયુરને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો બાદમાં ગૌતમ ઘરમાંથી છરી અને લોખંડનો પાઈપ લઈ અને જયેશએ પણ લોખંડના પાઈપ વડે મયુરભાઈના બંને પગ, ડાબા હાથ સહિત શરીરના ભાગે આડેધડ ઘા માર્યા હતા.

ગૌતમભાઈએ છરી વડે ડાબી આંખ પાસે મારતાં ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત યુવકને આંખ પાસે બે ટાંકા, ડાબા હાથમાં ફ્રેક્ચર, કોણી પાસે બે ટાંકા તથા જમણા પગમાં બે ટાંકા સહિતની ઈજાઓ થતા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો. બાદમાં મયુરની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસે ગૌતમ રાઠોડ અને જયેશ વિનોદભાઈ રાઠોડ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ખીમરાણા ગામે ઘૂંટણની બીમારીથી વ્યથિત વૃદ્ધાએ જિંદગી ટૂંકાવી

જામનગર : જામનગર જિલ્લાના ખીમરાણા ગામે રહેતા એક વૃદ્ધ મહિલાએ ઘૂંટણની બીમારીથી કંટાળી જઈ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસ ચપોડે નોંધાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ ખીમરાણા ગામમાં રહેતા ગંગાબેન ધારવિયા (ઉ.વ.૭૦)ને છેલ્લા એકાદ વર્ષથી શ્વાસની તકલીફ હતી તેમજ બંને પગના ઘૂંટણમાં લાંબા સમયથી દુઃખાવો રહેતો હતો. આ તકલીફને કારણે વ્યથિત વૃદ્ધાએ તા.૨૩ સપ્ટેમ્બરના રોજ પોતાના ઘરમાં પંખા સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ મોત વ્હાલું કરી લીધું હતું. આ મામલે મૃતકના પુત્ર દિનેશભાઈ ભાણજીભાઈ ધારવીયાએ પોલીસમાં જાણ કરતાં પોલીસે મોતની નોંધ કરી તપાસ આગળ ધપાવી છે.

## કાલાવડના પ્રભુજી પીપળીયા ગામે દાદીએ કામ અંગે ઠપકો આપતા યુવતીનો આપઘાત

જામનગર : જામનગર જિલ્લાનો કાલાવડ તાલુકાના પ્રભુજી પીપળીયા ગામે ઘરકામ બાબતે દાદીએ ઠપકો આપતાં મનમાં લાગી આવતા એક યુવતીએ ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી લેતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, કાલાવડ તાલુકાના પ્રભુજી પીપળીયા ગામે રહેતા મોહનભાઈ ચનાભાઈ વાઘેલાની પુત્રી અંજુબેન (ઉ.વ.૨૦)ને તેમની દાદીએ ઘરકામ બાબતે ઠપકો આપ્યો હતો. આ બાબતનું મનમાં લાગી આવતા અંજુબેને પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી લીધો હતો. જેથી તેણીને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પિતા મોહનભાઈ વાઘેલાએ કાલાવડ ટાઉન પોલીસ મથકમાં જાણ કરતા હોસ્પિટલ દોડી જઈ મૃતદેહની કબ્જો સાંભળી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## જામનગરમાં કોમ્પ્યુટર ઈજનેરે ફેસબુકની લિંક ક્લિક કરતાં જ બેંકમાંથી ૯૫ ગાયબ

### ગૂગલ પે મારફતે અજાણ્યા મોબાઈલ નંબર પર રકમ ટ્રાન્સફર થઈ ગઈ

જામનગર : જામનગરમાં સાયબર છેતરપિંડીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. ખોડિયાર પોલીસ ચોકી પાસે રહેતા અને ખાવડી ખાતે ખાનગી કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતા હિતેશભાઈ કલ્યાણજીભાઈ નાખવા સાથે ફેસબુકની એક લિંક મારફતે ઓનલાઈન છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ તેઓએ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરમાં ખોડીયાર પોલીસ ચોકી વિસ્તારમાં રહેતા હિતેશભાઈ આશર તા. ૪ સપ્ટેમ્બરના રોજ બપોરે ખાનગી કંપની ખાતેથી ઘરે આવ્યા બાદ સવા ત્રણ વાગ્યે મોબાઈલ ફોનમાં ફેસબુક જોઈ રહ્યા હતા. દરમિયાન ફેસબુક પર આવેલી એક લિંક પર ક્લિક કરતાં તેમના મોબાઈલમાં 'આઈપીટીવી એપીકે' નામની ફાઈલ ડાઉનલોડ થઈ હતી. આ ફાઈલ ડાઉનલોડ થયા બાદ મોબાઈલ ફોનમાં ગડબડ થવા લાગી હતી.

દરમિયાન તેમના મોબાઈલમાં બેંક ખાતા અંગેનો સંદેશ આવ્યો હતો. તપાસ કરતાં તેમના આઈસીઆઈસીઆઈ બેંકના ખાતામાંથી કુલ રૂ.૯૫,૦૦૦ ગૂગલ પે મારફતે ઉપડી ગયા હોવાનું માલૂમ પડ્યું હતું. આ રકમ અન્ય એક મોબાઈલ નંબર પર ઓનલાઈન ટ્રાન્સફર થઈ હતી. પોતાની સાથે સાયબર છેતરપિંડી થઈ હોવાનું જણાતાં હિતેશભાઈએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૮(૪) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઓખા ડાલ્ડા બંદર વિસ્તારમાં મહિલા સંચાલિત દેશી દારૂનો અડ્ડો ઝડપાયો

### દારૂની મહેફીલ માણતા ૫ અને વ્યવસ્થા પુરી પાડનાર ચાર સહિત ૯ શખ્સ ઝડપાયાઃ મહિલા અને જથ્થો પુરો પાડનાર સહિત બે ફરાર : રૂ. ૪.૯૯ લાખનો મુદ્દામાલ કબ્જે

ઓખા : ઓખા મંડળના આર.કે. બંદર વિસ્તારમાં એક મહિલાના કબ્જા ભોગવટાના વાડામાં પોલીસે દરોડો પાડી દેશી દારૂની મહેફીલ માણતા પાંચ અને ત્રણ શખ્સ કે જેઓ ગ્રાહકો માટે દારૂની તમામ વ્યવસ્થા કરતા હોઈ તેઓ સહિત નવ શખ્સની અટકાયત કરી સ્થળપરથી રૂ. ૪.૯૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે સંચાલક મહિલા અને દેશી દારૂનો જથ્થો પૂરો પાડનાર એમ બે શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ આદરી તમામ સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકામાં ઓખા ખાતે નવીનગરી વિસ્તારમાં રાજપુત સમાજની સામે રહેતી વલુબેન સાંચરભા માણેક નામની મહિલાએ ઓઘળભા બુધાભા સુમણીયા નામના ગઢેચી ગામના શખ્સ પાસેથી તેણીના મળતિયાઓ દ્વારા દેશી દારૂનો જથ્થો મંગાવી આર. કે. બંદર સામે આવેલ પોતાના કબ્જા ભોગવટાના વાડામાં વેંચાણ કરવા રાખેલ દરમિયાન ત્યાં ગ્રાહકો માટે ગ્લાસ, પાણી, બાયટીંગની તેમજ બેઠક વ્યવસ્થા કરી આપવામાં આવતી હોય જે સંદર્ભે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ચોક્કસ બાતમીના આધારે અત્રે દરોડો પાડ્યો હતો.

દરમિયાન દારૂની મહેફીલ માણતા ભાણજીભાઈ જેશાભાઈ મજેઠીયા, જેન્તીભાઈ લખમણભાઈ ડાભી, રમેશભાઈ બચુભાઈ બાંભણીયા, ગૌતમભાઈ વજુભાઈ મજેઠીયા, નાજાભાઈ ઝીણાભાઈ સોલંકી, રાજેશભાઈ હરીશભાઈ રામપરીયા, ભાવેશભા દોલુભા માણેક, શિવરાજભા જીમલભા જામ, જયરાજ વનરાજભા જામ નામના નવ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૪૭ હજારની કિંમતનો ૨૩૫ લીટર દેશી દારૂ, રૂ. ૪૫ હજારની કિંમતના ૪ નંગ મોબાઈલ ફોન, રૂ. ૯૦ હજારની કિંમતના બે મોટરસાયકલ, રૂ. ૩ લાખની કિંમતની કાર સહિત કુલમળી રૂ. ૪.૯૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે વલુબેન માણેક અને ઓઘળભા બુધાભા સુમણીયા નામના બન્ને શખ્સ હાજર નહીં મળી આવતા શોધખોળ હાથ ધરી છે. ઝડપાયેલ પૈકી રાજેશભા હરીશભાઈ, ભાવેશભા દોલુભા માણેક, શિવરાજભા જીમલભા જામ અને જયરાજભા વનરાજભા જામ નામના શખ્સો મહેફિલ માટે તમામ પ્રકારની વ્યવસ્થા ગોઠવી મદદગારી કરતા હોવાનું ખુલવા પામ્યું છે.

## લુંટ અને હત્યાના ગુન્હામાં પાંચ વર્ષથી ફરાર શખ્સ દરેડમાંથી ઝડપાયો



જામનગર : જામનગરના પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલ લૂંટ અને હત્યાના ગુન્હામાં પેરોલ રજા મેળવી ફરાર કેદીને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ઝડપી લઈ પરત જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરના પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં લૂંટ અને હત્યાનો ગુન્હો નોંધાયો હતો જેમાં મસીતીયા રોડ, દરેડ ખાતે રહેતો અલ્તાફ ઉર્ફે ભુરો ઉંમરભાઈ ખફી નામનો શખ્સ જામનગર જિલ્લા જેલમાં હોઈ દરમિયાન આ શખ્સ પેરોલ રજા મેળવી છેલ્લા પાંચ વર્ષથી નાસ્તો- ફરતો હોય જેની ચોક્કસ બાતમી મળતા સમર્પણ સર્કલ પાસેથી પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ઝડપી પાડ્યો છે અને પુનઃ જામનગર જિલ્લા જેલમાં ધકેલી દેવાયો છે.